મોડાસાના ઉમીયા માતાજીની પ્રાણપ્રતિષ્ઠા નિમિત્તે ભવ્ય શોભયાત્રા અને જળયાત્રા યોજાઈ

અરવલ્લી જિલ્લાના કચ્છ કડવા પાટીદાર સમાજ ટ્રસ્ટ મોડાસા અને શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ મોડાસાના સંયુક્ત ઉપક્રમે મા ઉમાના અને શિવ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો ભક્તિ ભાવપૂર્વક ઉજવણીના ભાગરૂપે મોડાસા શહેરમાં ભવ્યાતિભવ્ય શોભયાત્રામાં ઉમીયામાતાની મૂર્તિની નગરયાત્રા યોજાયી હતી. શોભયાત્રાનું ઠેર ઠેર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના કચ્છ કડવા પાટીદાર સમાજના હજ્જારો ભક્તો ઉમટી પડ્યા હતા. મોડાસા શહેરમાં શનિવારે મેઘરજ રોડ પર આવેલા ઉમીયા માતાજીના મંદિર અને પટાંગણમાં આવેલા શિવ મંદિરનો ત્રિદિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનો ભક્તિભાવ પૂર્વક ઉજવણીના પ્રથમ દિવસે મોડાસા શહેરના મેઘરજ રોડ, માલપુર રોડ, રામપાર્ક સોસાયટી, બસ સ્ટેન્ડ, ચાર રસ્તાથી ઉમીયા મંદિરે પરત ફરી હતી. મોડાસા શહેર શોભયાત્રા અને જલયાત્રાના પગલે ભક્તિના રંગે રંગાયું હતું. જેમાં અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના ૭૦થી વધુ કંપા અને રાજ્ય સહીત દેશ-વિદેશમાં વસવાટ કરતા ૨૦૦૦૦ હજારથી વધુ લોકો જોડાયા હતા. શોભયાત્રાનું ઠેર ઠેર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. મોડાસા ચાર રસ્તા ખાતે મોડાસા રથયાત્રા ઉત્સવ સમિતિના પ્રમુખ નિલેશ જોશી અને તેમની ટીમ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. શોભયાત્રામાં સ્વચ્છતા અભિયાન અને વિવિધ ધાર્મિક પ્રતિકૃતિઓના ટેબ્લો અને વેષભૂષાએ આગવું આકર્ષણ પેદા કર્યું હતું. મોડાસા શહેરમાં કેસરી ધ્વજાના અને ડીજેના તાલે ભક્તિના રંગે રંગાયું હતું.

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાની સીમમાં દારૂનુ વહન કરતા વ્યક્તિનું અકસ્માતે મોત

મોડાસા, તા. ૩

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના શિણોલ ગામ પાસે દારૂનુ ગેરકાયદેસર વહન કરતા વ્યક્તિનુ પકડાઈ જવાના ભયથી મારૂતીકાર પલ્ટી ખાઈ જતાં મોત નિપજવા પામ્યુ છે.

બનાવની વિગતો અનુસાર ધનસુરા તાલુકાના શિણોલ ગામ પાસેના રસ્તા પર મારૂતિ સ્વીફ્ટ ગાડીમાં દારૂના જથ્થાનુ ગેરકાયદેસર વહન થઈ રહ્યાના સમાચાર ધનસુરા પોલીસ મથકને મળતા મારૂતિ સ્વીફ્ટ ગાડી નં. જીજે.૦૬.જીઈ.૬૭૪૭ના ચાલકનો પોલીસ દ્વારા પીછો કરવામાં આવ્યો હતો. મારૂતિચાલક કે જેનુ નામ ઠામ જાણવા મળ્યુ નથી. તેના દ્વારા પકડાઈ જવાના ભયથી બેફામ ગાડી હંકારતા રસ્તા પર પુરપાટ ઝડપે ગાડી પલ્ટી ખાઈ ગઈ હતી. જેમાં આ ગેરકાયદેસર વિદેશી દારૂનો જથ્થો બોટલ નંગ ૩૮૩ જેની બજાર કિંમત રૂ. ૧,૦૭,૯૦૦ સાથે મારૂતિ સ્વિફ્ટ ગાડી રૂ. ૨૦,૦૦૦૦નો જથ્થો ધનસુરા પોલીસ દ્વારા કબ્જે કરવામાં આવ્યો છે. ફિલ્મી સ્ટાઈલથી સમગ્ર ઘટનામાં ભયભીત બનેલા કાર ચાલકનુ મોત નિપજવા પામ્યુ છે. ધનસુરા પોલીસ મથકના કોન્સ્ટેબલની ફરીયાદના આધારે ધનસુરા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એમ.પી. ચૌહાણ દ્વારા ઘટનાની તપાસ હાથ ધરી અજાણ્યા મૃતકના નામ-ઠામની શોધખોળ કરવામાં આવી રહી છે.

ધનસુરામાં 'સૌની દિવાલ' ઉભી કરાઈ

ધનસુરામાં ઉમિયાનગર સોસાયટી સામે જયાં દર શનિવારે શનિવારી ભરાય છે. ત્યા રોડની બાજુમાં યુવાનો ધ્વારા 'સૌની દિવાલ' ઊભી કરાઈ છે. આ દિવાલ પર લખાયુ છે કે 'જરૂર હોય તો લઈ જાવ અને જો વધારે હોય તો મૂકી જાવો' અને આ સંદેશ સાથે ગામના દિપકભાઈ મૂળજીભાઈ પટેલ અને મિતેષભાઈ, ધવલભાઈ અને અન્ય યુવાનોના સહકારથી આ એક અનોખી પહેલ શરૂ કરવામાં આવી છે. ગામ લોકોએ આ કાર્યને બિરદાવ્યુ હતુ. આ સૌની દિવાલને લોકોનો સારો પ્રતિસાદ મળી રહ્યો છે. લોકો પોતાની પાસેના વધારાના કપડા અહી મૂકી જાય છે અને જેને જરુર હોય એ અહીથી કપડા લઈ જાય. જેથી ગરીબ અને જરુરિયાતવાળા લોકોને મદદ કરી શકાય છે. આ શરૂ કરાયેલા નવતર કાર્યની ગામના સરપંચ યશવંતભાઈ પટેલ સહિત ગામના આગેવાનોએ સરાહના કરી હતી.

ભારત ચેમ્પિયન

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓસ્ટ્રેલિયન ટીમ માત્ર ૨૧૬ રન જ બનાવી શકી હતી. ભારતે રેકોર્ડ ચોથી વખત આ ટ્રોફી જીતી લીધી છે. મનજોતને શાનદાર દેખાવ કરવા બદલ મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. જ્યારે આ ટુર્નામેન્ટમાં સતત સારો દેખાવ કરનાર શુભમન ગિલની મેન ઓફ ધ સિરિઝ તરીકે પસંદગી કરવામાં આવી હતી. શુભમને આ વર્લ્ડ કપમાં કુલ પાંચ ઈનિંગ્સમાં એક સદી અને ત્રણ અડધી સદી કરી હતી. શુભમને કુલ ૩૭૨ રન કર્યા હતા. મનજોત ઉપરાંત હાર્વિક દેસાઈએ અણનમ ૪૭ રન કર્યા હતા. કેપ્ટન પૃથ્વી શોએ ૨૯ રન કર્યા હતા. રાહુલ દ્રવિડના નેતૃત્વમાં મેદાનમાં ઉતરેલી ટીમ સમગ્ર સ્પર્ધા દરમિયાન અપરાજિત રહી હતી. તે કોઈ પણ મેચમાં હારી ન હતી. જીતવા માટેના ૨૧૭ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારત તરફથી કેપ્ટન પૃથ્વી શા અને મનજોત કાલરાએ શાનદાર શરૂઆત કરી હતી. પ્રથમ વિકેટની ભાગીદારીમાં ૭૧ રન ઉમેરી લીધા હતા. આની સાથે જ જીત સરળ બની હતી. મનજોત અને શુભમને બીજી વિકેટની ભાગીદારીમાં ૬૨ રન કર્યા હતા. ૩૧ રન કર્યા બાદ ગિલ આઉટ થયો હતો. મેચમાં વરસાદના કારણે રમત બગડી હોવા છતાં અંતે ભારતે જીત મેળવી હતી. અગાઉ ઓસ્ટ્રેલિયાની ટીમ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ૨૧૬ રન કરીને ઓલઆઉટ થઈ હતી. જોનાથન મેરલોએ ૭૬ રન કર્યા હતા. ભારત તરફથી પોરેલે, કમલેશ નગરકોટી, શિવાસિંહ અને અનુકુલે બે બે વિકેટ ઝડપી હતી. ફાઈનલ મેચમાં આજે ભારતીય ખેલાડીઓએ જોરદાર રમત રમીને તેમની સર્વોપરિતા સાબિત કરી હતી. ભારત અને ઓસ્ટ્રેલિયા અન્ડર-૧૯માં બે સૌથી સફળ ટીમો હજુ સુધી રહી છે. આજની ફાઈનલ મેચ પહેલા બંને ટીમોએ ૩-૩ વખત ટ્રોફી જીતવામાં સફળતા મેળવી હતી. ભારતીય ક્રિકેટ ટીમના ભાવિ સ્ટાર પૃથ્વી શાના નેતૃતવમાં ટીમ ઈન્ડિયાએ નવો ઈતિહાસ સર્જયો હતો.

બ્રિજ માટે દરખાસ્ત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રજુઆતોના અંતે કોઈ પરિણામ મળ્યુ નથી. જેના લીધે કેપિટલ સ્ટેશનને છાજે તેવી સુવિધાઓ અને ટ્રેઈન સેવા પુરી પાડવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. આ વિસ્તારમાં મહાત્મા મંદિરનો પ્રોજેકટ અસ્તિત્વિમાં આવ્યા બાદ થોડા સમય માટે રેલવે સ્ટેશનનો રસ્તો પણ શોધવો પડે તેવી સ્થિતિ હતી. જો કે સ્થાનિકોની રજુઆતોના અંતે તંત્રએ નવા રસ્તાની રાહ ચીંધી હતી. સ્ટેશનન વિસ્તારમાં અધ્યતન હોટલ બનાવાનુ કામ પુરજોશમાં ચાલી રહયુ છે. જયારે કરોડોના ખર્ચે નિર્માણ થનારી હોટલને અનુલક્ષી આનુસંગિક સુવિધાઓ પણ ઉભી કરવામાં આવી રહી છે. જયારે હવે ખ માર્ગને જોડતો રેલવે અન્ડર બ્રિજ બનાવવા માટે પણ તંત્ર દ્વારા બજેટલક્ષી દરખાસ્ત તૈયાર કરી દેવામાં આવી છે. આ બ્રિજ નિર્માણ પાછળ અંદાજિત રૂ ૩૦ કરોડનો ખર્ચ થાય તેમ છે. જયારે આ દરખાસ્તને મંજુરી અપાયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે.

આંતરિક માર્ગો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરના નવા સેકટરોમાં હાલ સોસાયટીના રસ્તાઓનુ કામ હાથ ધરાયુ છે. સે-૧થી ૫ માં માર્ગ સુધારણાની કામગીરી શરૂ કરી દેવાઈ છે. સોસાયટીમાં આંતરિક માર્ગોનુ કામ ચાલી રહયુ છે. જયારે જુના સેકટરોમાં પણ હજુ કેટલાક ઠેકાણે માર્ગ સુધારણાનુ કામ અપુર્ણ છે. જેના લીધે આ વિસ્તારમાં માર્ગોનુ કામ પુર્ણ કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે. ત્યારે તંત્ર દ્વારા આ માટે નાણાંકીય જોગવાઈના અંતે ખર્ચને મંજુરી આપવામાં આવે તે અંગે એક દરખાસ્ત તૈયાર કરીને માર્ગ મકાન વિભાગને સુપ્રત કરી છે. સે-૨૦થી ૩૦ ના આંતરિક માર્ગોની સુધારણા પાછળ અંદાજિત રૂ ૨૨ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જયારે આ દરખાસ્તને મંજુરી અપાયા બાદ જુના સેકટરોમાં માર્ગોની સુધારણાનુ કામ પુર્ણ કરાશે.

મોડાસાના ટ્રકને બેંગ્લુરુમાં અકસ્માત નડતા ચાંદટેકરીના યુવાન સહિત અન્ય એકનું મોત

મોડાસા, તા. ૩

મોડાસા શહેરના ચાંદટેકરી વિસ્તારમાં રહેતા અને ટ્રક-ટ્રાન્સપોર્ટમાં નોકરી કરી જીવનનિર્વાહ ચલાવતો યુવાન ટ્રકમાં બકરા ભરી બેંગ્લુરુ જતા બેંગ્લુરુ પાસે ટ્રક ખોટકાતા ટ્રકને ધક્કો મારવા રોડ પર ઉતારી પાછળથી અન્ય લોકો સાથે મળી ધક્કો મારી રહ્યો હતો ત્યારે પાછળથી યમદૂત બની ધસી આવેલી આઈસર ટ્રક ગાડીએ ટક્કર મારતા લઘુમતી યુવાન સહીત અન્ય એક વ્યક્તિનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નિપજતા ભારે ગમગીની છવાઈ હતી. મૃતક યુવાનની લાશ વતન લાવવા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

જિલ્લામાં હાજર થયેલા એક પીઆઈ અને આઠ પીએસઆઈને પોસ્ટીંગ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં હાજર થયેલા પી.આઈ. કે.કે. પંડ્યાને સેક્ટર-૭ સિનિ. પીઆઈ તરીકે મુકવામાં આવ્યા છે, જ્યારે સે. ૭ સિનિ. પીઆઈ જે.બી. પંડીતને લીવ રીઝર્વમાં મુકવામાં આવ્યા છે. તે ઉપરાંત આઠ પીએસઆઈને પોસ્ટીંગ આપવામાં આવ્યા છે. પીએસઆઈ વી.એન. દેસાઈને સચિવાલય સંકુલ, બી.વી. પરમારને સચિવાલય સંકુલ, કૃણાલ પટેલને ઈન્ફોસીટી, ડી.ડી. ઝાલાને સે. ૭ પોલીસ સ્ટેશન, પી.બી. રમલાવતને ચિલોડા, પી.ડી. વાઘેલાને સે. ૨૧, એચ.કે. શ્રીમાળીને સે. ૨૧ અને આર.પી. ડોડીયાને સે. ૨૧માંથી અડાલજ પોલીસ સ્ટેશન મુકવામાં આવ્યા છે.

ગુજરાત વિદ્યાપીઠ સાદરા ખાતે આપત્તિ વ્યવસ્થાપનની તાલીમ યોજાઈ

ગાંધીનગર, તા.૩

ગુજરાત વિદ્યાપીઠની સાદરા સ્થિત રાષ્ટ્રીય સેવા યોજના એકમ શારીરિક શિક્ષણ અન રમત વિજ્ઞાન વિદ્યાશાખા દ્વારા આપત્તિ વ્યવસ્થાપનની બેસિક તાલિમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુકત જીવન ડિઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ રેસ્ક્યુ ટ્રેનિંગ અકાદમી દ્વારા ઉપ વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં અકાદમીના

હિતેશ પટેલે આ તાલીમ વિદ્યાર્થીઓના જાહેર જીવનમાં કેટલી ઉપયોગી છે તે જણાવ્યું હતું. ગુજરાત વિદ્યાપીઠ સાદરાના શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખાના બધા જ સ્વયંસેવકો આ પ્રકારની તાલીમ લેતા હોય છે. તાલીમ પામેલા રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકો ભૂતકાળમાં નેપાળના ભૂકંપ, સૂરતમાં આવેલા પૂર, અમરેલીના પૂર, બનાસકાંઠાના પૂર તથા ગુજરાતના ભૂકંપ વખતે રાહત કામગીરી કરી ચૂકયા છે. સ્વયંસેવકોને તેમની નેપાળ ભૂકંપ રાહત કામગીરી બદલ રાષ્ટ્રપતિ એવોર્ડ મળી ચુકયો છે.

એપ્રિલમાં પ્રજાપતિ સમાજનો રાજ્ય કક્ષાનો જીવનસાથી પસંદગી મેળો

ગાંધીનગર, તા.૩

અખિલ ભારતીય પ્રજાપતિ મહાસંઘ દ્વારા એપ્રિલ ૨૦૧૮માં ગાંધીનગરમાં રાજયકક્ષાના જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવેલ છે. સમાજના દિવ્યાંગ ઉમેદવાર માટે વિશેષ આયોજન કરવામાં આવનાર છે. ઉમેદવારોએ ફોર્મ મેળવવા માટે પોપટલાલ એસ. પ્રજાપતિ મો. ૯૮૨૫૪ ૫૩૪૮૫નો સંપર્ક કરવા જણાવેલ છે.

હિંમતનગર ખાતે હિરાભાઈ પંડ્યા રચિત બાળગીત સંગ્રહ 'કેસુડો કેસરિયો'નો વિમોચન સમારોહ

હિંમતનગર, તા. ૩

હિરાભાઈ પંડ્યા રચિત બાળગીત સંગ્રહ 'કેસુડો કેસરિયો'નું વિમોચન હિંમતનગર ખાતે જાણીતા બાળ સાહિત્યકાર અને ભાવિક પરિષદના સૂત્રધાર નટવર પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. જે સર્જક બાળકો વચ્ચે વિહરે છે તે જ બાળકના હૈયાની વાત સમજી શકે છે. તેમ જણાવતા પટેલે પુસ્તકમાંના બાળ ગીતોનો રસાસ્વાદ કરાવ્યો હતો. સહાયક માહિતી નિયામક(નિ) ભાનુભાઈ દવેએ હીરાભાઈને નૈસર્ગિક લાગણીઓના કવિ ગણાવી એમની પ્રત્યેક કૃતિઓ બાળકોને ધન્ય કરી દે છે તેમ જણાવ્યુ હતુ.

ગુરૂ બ્રાહ્મણ સમાજના રાજય પ્રમુખ અને અંત્યોદય વિકાસ નિગમના રાજ્ય પ્રમુખ અને અંત્યોદય વિકાસ નિગમના ચેરમેન ગૌતમભાઈ ગેડિયાએ ચાવીરૂપ પ્રવચન આપીને બાળગીતોને લીલાછમ રાખવાની આસ્થા વ્યક્ત કરી હતી. જાણીતા શિક્ષણવિદ્ અને સાહિત્યકાર રાઘવજી માધડ, સાહિત્યકાર રમેશ પટેલ 'ક્ષ', ઈસુભાઈ ગઢવી, ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી સાહિત્યકાર કલ્પેશ પટેલ, ગુજરાત ગરૂ બ્રાહ્મણ સમાજના મહામંત્રી જે.વી. શ્રીમાળી, ઓરિએન્ટલ ઈનશ્યોરન્સના ડિવીઝનલ મેનેજર કે.પી. પંડ્યા, મહિલા અગ્રણી કાન્તાબેન પંડ્યા, કનારસીના સહમંત્રી કાન્તીભાઈ પંડ્યા સહિત અનેક સાહિત્ય રસિકો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

તદ્દન નવા અભિગમ તરીકે કેસુડાના ફુલોની છાલ દ્વારા મહેમાનોનુ સ્વાગત કરવામાં આવ્યુ હતુ. પ્રારંભમાં આવકાર પ્રવચન-મહેમાનોનો પરિચય તથા પુસ્તક અંગેનો પ્રતિભાવ લેખક હિરાભાઈ પંડ્યાએ આપ્યો હતો. આભારદર્શન ગિરધરભાઈ પંડ્યાએ કરી હતી.

સી. કે. પટેલ વિદ્યાસંકુલ ચંદ્રાલામાં અંગ્રેજી માધ્યમની શાળાના પ્રયત્નો વાલીગણને પરીણામદાયી

ચંદ્રાલા, તા. ૩

સી.કે. પટેલ વિદ્યાસંકુલમાં ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજ દ્વારા પ્રમાણસર ફીમાં ગુણવત્તા સભર શિક્ષણ માટે બહુજન સમાજ ઉપયોગી પ્રયત્નો થઈ છે. આ વર્ષે અંગ્રેજી માધ્યમનું શિક્ષણ ઉપલબ્ધ કરાવવા નવીન પ્રયત્નો કરવામાં આવેલ છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે ૧૦૦થી વધુ દેશોમાં વપરાતી મોન્ટેસરી પદ્ધતિથી બાળકોમાં પ્રવૃત્તિઓ દ્વારા શીખવવામાં આવે છે. આ સાથે પ્લે-વે, મલ્ટીપલ ઈન્ટેલીજન્સનો પણ ઉપયોગ કરવામાં આવે છે. કેજી-૧ અને ૨ ના બાળકોની વિવિધ ઈન્દ્રીયોનો સંતુલીત વિકાસ થાય તે માટે વૈજ્ઞાનિક ઢબે વિકસાવાયેલ વિવિધ સાધનોનો પણ ઉપયોગ થઈ રહ્યો છે. ફોનીક પ્રમાણે અંગ્રેજી ભાષા શીખવવાથી બાળકો સાહજિક રીતે અંગ્રેજી વાંચતા થયા છે. મેન્ટલ મેથ દ્વારા આ ઉમરથી જ ગણિતના પાયાના ખ્યાલ સ્પષ્ટ કરવામાં આવી રહ્યા છે. આ સાથે ભારતીય સંસ્કૃતિ પ્રમાણે સંસ્કારો અને સારી આદતોમાં સંવર્ધનના પ્રયત્નો પણ વાલીગણને ખુબજ ઉપયોગી લાગ્યા છે.

મોટાભાગના વાલીગણના જણાવ્યા પ્રમાણે ખુશીથી શાળાએ આવવા તૈયાર થઈ જાય છે. અંગ્રેજી ભાષાની સાથે સારી આદતોનો વિકાસ અમને ખુબ જ ગમ્યો છે. આ અંગ્રેજી માધ્યમ વિભાગનું સ્વતંત્ર સંચાલન ગાંધીનગરની સીનર્જી એયુ સર્વિસીસ દ્વારા થઈ રહ્યું છે.

૪૨/૮૪ સમાજ વતી પ્રમુખની સાથે પરેશભાઈ, ડી.સી. પટેલ અને ઈશ્વરભાઈ ચંદ્રાલા આસપાસના સમાજને અંગ્રેજી માધ્યમની અદ્યતન શાળાની સુવિધા આપવા અથાગ પ્રયત્નો કરી રહ્યા છે. શિક્ષણ સમિતિ અને સમાજનો તેમને સુંદર સહયોગ મળી રહ્યો છે.

તલોદ નગરપાલિકાની ચૂંટણીમાં કુલ છ વોર્ડમાંથી ૧૦૯ જેટલા ફોર્મ ભરાયા હતા. જેમાંથી ૬૧ જેટલા ફોર્મ અપક્ષોના ભરાતા ચૂંટણીમાં ઉમેદવારોનો રાફડો ફાટ્યો હતો. છેલ્લી ઘડીએ બન્ને પક્ષોમાંથી મેન્ડેટ મળતા ચૂંટણી અધિકારી સોનલબા પઢેરીયા અને મામલતદાર કે.ટી. મેણાતે ફોર્મ ચકાસણી થયા પછી ઉમેદવાર જાહેર કરવાનુ જણાવતા તલોદના નગરજનોમાં ઉત્સુકતા વધી હતી અને કોને ઉમેદવાર તરીકે કયા પક્ષમાંથી જાહેર કરાશે એવુ તલોદ નગરમાં ટોપ ઓફથી ટાઉન બન્યુ હતુ.

આજે અમદાવાદની ૧૩ ગ્રામ્ય પંચાયતોમાં ચૂંટણી

અમદાવાદ,તા. ૩

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે અમદાવાદની ૧૩ ગ્રામ્ય પંચાયતોમાં સામાન્ય ચૂંટણી માટે આવતીકાલે ઉત્સાહ વચ્ચે મતદાન યોજાનાર છે. સંબંધિત વિભાગ અને વહીવટીતંક્ષ દ્વારા ગ્રામ્ય પંચાયત ચૂંટણીને લઈને તમામ તૈયારી પહેલાથી જ પૂર્ણ કરી લેવામાં આવી છે. ૧૩ ગ્રામ્ય પંચાયતની સાથે સાથે પાંચ ગ્રામ પંચાયતમાં પણ ચૂંટણી યોજાશે. પ્રાપ્ત હેવાલ મુજબ કુલ ૧૮૨૧૬ મતદારો ચૂંટણી મેદાનમાં રહેલા ૧૬૧ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા માટે તૈયાર છે. શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ ચૂંટણીની ખાતરી કરવા માટે તંત્રે કમર કસી લીધી છે. આના માટે ૨૯ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવ્યા છે. અત્રે નોંધનીય છે કે અમદાવાદમાં ૨૨ ગ્રામ પંચાયત માટે ચૂંટણીની જાહેરાત કરવામાં આવી હતી. જો કે નવ ગામ સમરસ થઈ ગયા હતા. જેથી હવે ૧૩ ગામોમાં ચૂંટણી યોજાઈ રહી છે. ચૂંટણીમાં ઈલેકટ્રોનિંક વોટિંગ મશીનનો પણ ઉપયોગ કરવામાં આવનાર છે. મળેલી માહિતી મુજબ ૧૩પથી વધારે ઈવીએમની વ્યવસ્થા કરવામાં આવી છે. ચૂંટણી કામગીરીને સફળ રીતે પાર પાડવા માટે કુલ ૧૪૦ કર્મચારીઓને જવાબદારી સોંપવામાં આવી છે. અમદાવાદની ૧૩ ગ્રામ પંચાયતની ચૂંટણી માટે જે મતદારો નોંધાયા છે તે પૈકી ૯૨૯૭ પુરૂષ મતદારો અને ૮૯૧૯ મહિલા મતદારોનો સમાવેશ થાય છે. સરપંચ માટેના હોદ્દા માટે કુલ ૩૮ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં રહેલા છે. ચૂંટણી મેદાનમાં રહેલા તમામ ઉમેદવારોએ મતદારોને પ્રભાવિત કરવા માટેના તમામ પ્રયાસો કર્યા હતા.

આઈ પાવર વર્લ્ડ વન્ડર ક્લબ અમેરિકા ખાતે વર્લ્ડ રેકોર્ડ નોંધાવશે

અમદાવાદ સ્થિત આઈ પાવર વર્લ્ડ વંડર ક્લબ લિ. એ ભારતની મોટી રિલીજિઅન્સ ક્લબ છે. આ ક્લબ દ્વારા આગામી ૬ઠ્ઠી ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ થાઈલેન્ડ ખાતે વિશ્વ રેકોર્ડ કોન્ફરન્સ તથા વિશ્વની સૌથી મોટી ધજા ૨૦૨૦ ફૂટ લંબાઈ તથા સાડા દસ ફુટ પહોળાઈ ધરાવતી ધજાની પૂજાનુ આયોજન કરવામાં આવ્યું છે. સાથે સાથે આગામી ૧ જુલાઈ ૨૦૧૮ના રોજ ઉમિયા ધામ મંદિર ન્યુ જર્સીમાં 'આવો અમેરિકા'ના નેજા હેઠળ ૧૦ વિશ્વ રેકોર્ડ નોંધાવનાર છે.

આજે અમદાવાદ ખાતે આઈ પાવર વર્લ્ડ વન્ડર ક્લબ લિ.ના ચેરમેન ભૂપેન્દ્રભાઈ પટેલે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે અમારી ક્લબ એ ભારતની મોટી રિલીજીઅન્સ ક્લબ છે અને અમે આગામી દિવસોમાં વિશ્વની સૌથી મોટી રિલીજીન્સ ક્લબનો ખિતાબ જીતીશુ. આગામી ૬ ફેબ્રુઆરીના રોજ આઈ પાવર વર્લ્ડ વન્ડર ક્લબ લિ. દ્વારા થાઈલેન્ડ ખાતે ૨૦૨૦ ફૂટની લંબાઈ અને ૧૦ ફૂટ પહોળી ધજા મંદિરમાં ક્લબના પરિવાર, સગા સંબંધીઓની હાજરીમાં ધાર્મિક વિધી તથા મંત્રોચ્ચાર સાથે થાઈલેન્ડથી બેંગકોક લઈ જવામાં આવશે અને બેંગકોક ખાતે મંદિરમાં આ ધજાનો અર્પણ કરવામાં આવશે અને ત્યાં જ અમે એક નવો વિશ્વ રેકોર્ડ સ્થાપીશુ.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે આગામી દિવસોમાં 'આવો અમેરિકા'ના નેજા હેઠળ ૧ લી જુલાઈના રોજ ઉમિયાધામ મંદિર, ન્યુ જર્સીમાં યોજાનાર છે તેમાં આઈ પાવર વર્લ્ડ વન્ડર ક્લબ લિ. ૧૦ વિશ્વ રેકોર્ડ એક સાથે નોંધાવશે. અમેરિકા ખાતે આ આયોજન સૌ પ્રથમ વખત કરવામાં આવી રહ્યું છે. આ પ્રસંગે ન્યુજર્સી સહિત અહીંથી જનાર અંદાજિત ૫૦૦૦ થી ૧૦૦૦૦ વ્યક્તિઓ આવે તેવી સંભાવના છે.